ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૯/૧૮-૧૯/ 4904 તારીખ : 24 OCT 2018

પ્રતિ,

ગોરધનભાઈ ખીમજીભાઈ નાકરાણી , આર.પી.એ.ડી.

કેસ ન. ૧૦૯/૧૮-૧૯.

ગામ : ભેસાણ, તા. લીલીયા.

જી. અમરેલી.

મો : ૯૯૩૮૪૮૨૨૫૨

વિષય : **નવા ખેતીવાડી વીજ કનેક્શન આપવા બાબત.**

સંદર્ભ : આપનો પત્ર તા : ૦૭.૦૯.૧૮. અત્રેની કચેરીને મળ્યા તા. ૧૫.૦૯.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૯/૧૮-૧૯/૪૨૫૯ તા.૨૪.૦૯.૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૯/૧૮-૧૯/૪૪૭૮ તા.૦૩.૧૦.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૨.૧૦.૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી-૨.**

........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

**નકલ રવાના:-**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી-૧.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **લીલીયા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૯/૧૮-૧૯** ☜

વાદી :– **ગોરધનભાઈ ખીમજીભાઈ નાકરાણી**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૧૨/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :– પોતે.

પ્રતિવાદી :– શ્રી કે. એલ. દીવાન,, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૧.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી **ગોરધનભાઈ ખીમજીભાઈ નાકરાણી**, મુ. ભેસાણ, તા.લીલીયા, જી.અમરેલી ની **નવા ખેતીવાડી કનેકાશની ન મળવાની** બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૯/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૧૦૯/૧૮-૧૯/૪૨૫૬ તા.૨૪.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૨.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી કે. એલ. દીવાન,, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમો અરજદાર શ્રી ગોરધનભાઈ ખીમજીભાઈ નાકરાણી રહે. મુ.પો. ભેસાણ, તા. લીલીયા ખાતે રહીએ છીએ.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ મારા સર્વે નં. ૧૯/૧ પેકી માં લાઈટ કનેક્શન માટે અરજી કરેલ હતી. જે અન્વયે પીજીવીસીએલ દ્વારા પત્ર તા. ૧૨.૦૬.૨૦૧૭/૨૫૪૦થી જરૂરી રકમ ભરવા જણાવેલ.

૧.3 હું નાનો ખેડૂત છું ટૂંકી આવક હોય મેં મારી બે દીકરીને ભણવવામાં ખર્ચ કરેલ હોય તેમજ મેં મારી દીકરીના લગ્ન લીધેલ હોવાથી હું સદર રકમ ભરપાઈ કરી શકેલ નહિ, ચાલુ વર્ષે મેં જરૂરી નાણાની વ્યવસ્થા કરતા મારું કુવા માટેનું લાઈટ કનેક્શન મજુર કરવા વિનંતી.

૧.૪ લાઈટ ખાતામાં રજૂઆત કરતા જણાવેલ કે નવેસરથી અરજી કરવી પડે તો મારી નમ્ર અરજ છે કે જો હું નવેસરથી અરજી કરું તો કદાચ ખેતીમાંથી નિવૃત્તિના સમયે વારો આવે માટે મારી નમ્ર અરજ છે કે મારી જૂની અરજી મારું લાઈટ કનેક્શન આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી ગોરધનભાઈ ખીમજીભાઈ નાકરાણી રહે. મુ.પો. ભેસાણ, તા. લીલીયા ખાતે રહે છે તથા તેઓ સર્વે નં. ૧૯/૧ પેકીની જમીન ધરાવીએ છીએ.

૨.૨ અરજદાર દ્વારા રૂ. ૨૦૦/- રશીદ નં ૪૩૧૯૭૪ તા. ૧૪.૦૯.૨૦૧૨ના રોજ ભરપાઈ કરી નવીન ખેતીવાડી વીજ જોડાણ મેળવવા અંગેની નોંધણી કરાવેલ. જેનો ક્રમાંનુસાર વારો આવતા પેટા વિભાગીય કચેરી લીલીયા દ્વારા જરૂરી સર્વે કરી અરજદારને પત્ર નં ૨૫૪૦ તા. ૧૨.૦૬.૧૭ થી નિયત ભાવ પત્રક આપવામાં આવેલ. સદર અંદાજપત્ર પત્ર ભરપાઈ કરી આપવાની છેલ્લી તારીખ ૧૦.૦૭.૨૦૧૭ હતી. પરંતુ અરજદાર દ્વારા સદર અંદાજપત્ર નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં આવેલ નહિ, વધુમાં અરજદાર દ્વારા દ્વારા સદર અંદાજપત્ર ભરપાઈ કરવા માટે વધુ સમય મર્યાદા મેળવવા માટે પણ કોઈ પ્રકારની કાર્યવાહી કે રજૂઆત કરવામાં આવેલ નથી.

૨.3 આમ, જીઈઆરસીના સપ્લ્યાય કોડ ૨૦૧૫ના નોટીફીકેશન નં. ૦૪ ના પારા નં. ૪.૧૦૪ મુજબ ડીમાંડ નોટની મર્યાદા એક માસ ની હોય છે પરંતુ કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર અરજદારને અંદાજપત્રની સમય મર્યાદા વધારી શકાય છે. પરંતુ આ માટે અરજદાર દ્વારા સમય મર્યાદા પૂર્ણ થયા પહેલા મુદત વધારા માટે સંબધિત પેટા વિભાગમાં અરજી કરવાની રહે છે. જો અરજદાર સમય મર્યાદામાં અંદાજપત્રની મુદત વધારાની અરજી કરે નહિ તેવા સંજોગોમાં અરજદારની વીજ જોડાણ મળવાની અરજી રદ કરી દફતરે કરવાની રહે છે જે યોગ્ય છે.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

3.૧ વાદી અરજદાર ગોરધનભાઈ ખીમજીભાઈ નાકરાણી એ લીલીયા તાલુકાના ગામ: ભેસાણ તા. ૧૪-૦૯-૧૨ ના રોજ સર્વે નં. ૧૯ પૈકી ૧ માં નવા ખેતી વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવે છે.

3.૨ પ્રતિવાદી દ્વારા વાદીને તેના અગ્રતાક્રમ મુજબ તા. ૧૨-૦૬-૧૭ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ જે વાદી ને ટપાલ દ્વારા મળી ગયેલ છે. વાદીને આપવામાં આવેલ અંદાજપત્રની ૧ માસ ની સમયમર્યાદા તા. ૧૦-૦૭-૧૭ ના રોજ પૂરી થતી હતી, જે સમયમર્યાદામાં વાદી એ અંદાજપત્ર ભરપાઈ કરેલ નહિ.

3.3 વાદી એ તેના અંદાજપત્ર ની ભરપાઈ કરવા માટેની સમય મર્યાદા વધારી આપવા માટે પ્રતિવાદી ની કચેરીમાં કોઈ અરજી કરેલ નહિ, તેથી પ્રતિવાદી દ્વારા વાદીની નવા વીજ જોડાણ અત્રેની અરજી દફતરે કરવામાં આવેલ.

3.૪ વાદીએ તેને મળેલ અંદાજપત્રની સમય મર્યાદામાં અંદાજપત્ર મરેલ નથી તેમજ સમયમર્યાદા વધારવા માટે કોઈ અરજી કરેલ નથી: આથી પ્રતિવાદી એ તેની નવા વીજ જોડાણની અરજી રદ કરેલ છે જે યોગ્ય અને નિયમોનુસાર છે.

## <u>: હુકમ :</u>

૧) વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " **આથી તારણ નંબર 3.૪ મુજબ વાદીની અરજી રદ કરવામાં આવે છે.**

૨) સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

તારીખ :–૧૨/૧૦/૨૦૧૮

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.